ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 Email :krcscbhavnagar@yahoo.co.in Website : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 17th September, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.....,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા YouTube : KRCSC Bhavnagar પર
"Ozone for life" વિષય પર **ડો. અરુણ દવે સાહેબનું** વ્યાખ્યાન યોજાયું.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે

"Ozone for life" શીર્ષક હેઠળ સમગ્ર દુનિયામાં ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત ભૂતકાળના સફળ પ્રયાસો દ્વારા ઓઝોન સ્તરમાં થયેલ સકારાત્મક વધારાને અનુલક્ષીને લોકો વધુ જાગૃતિ કેળવે તેવા હેતુ સહ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા લોક જાગૃતિ હેતુ વિવિધ દિવસોની ઉજવણી રચનાત્મક રીતે અલગ અલગ પ્રકારના કાર્યક્રમો દ્વારા થાય છે, પરંતુ આ વર્ષે કોરોનાં મહામારી પરિસ્થિતિમાં લોકો ઘરે બેસીને પણ ઓઝોન સંરક્ષણમાં પોતાની નૈતિક ફરજ નિભાવી શકે એવાં હેતુથી તા. ૧૬ સપ્ટેમ્બર,૨૦૨૦ ના રોજ સાંજે ૮ કલાકથી ૯ કલાક દરમ્યાન "Ozone for life" શીર્ષક હેઠળ ડો. અરુણ દવે (સંચાલક, લોક ભારતી વિદ્યાલય,સણોસરા)નાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં એમણે ખુબ જ સરળ ભાષાશૈલીમાં ઓઝોન ઓઝોન વાયુનું નિર્માણ કઈ રીતે થાય છે, વાયુનું કાર્ય તથા તેને થતા નુકશાન વિષે સમજાવ્યું હતું. ઓઝોન-ડેપ્લેટીંગ પોટેન્શિયલ (ODP) તરીકે ઓળખાતા તત્વોનું ઉત્પાદન કઈ રીતે રોકી શકાય તથા તેનાં સ્થાને એમના જેવું જ કાર્ય આપતા પણ ઓઝોન સ્તરને નુકશાન ન પહોચાડતા હોય એવા તત્વોની શોધ તરફ આગળ વધવાની પ્રેરણાં પણ આપી હતી.

આ માહિતીસભર વ્યાખ્યાનમાં ૧૩૦૦ થી વધુ લોકો જોડાય હતા. આ વ્યાખ્યાનમાં રસ ધરાવતાં લોકો KRCSC Bhavnagar YouTube ચેનલ પર પણ નિહાળી શકશે.

17/09/2020
1:30 PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.